## જન્મદિને વધામણી


માનુષ જિતેન્દ્ર ચુડાસમા
મો. ૯૯૭૯૭ ૬૯૯૫૦


મધુબેન દિનેશભાઈ પરમાર
મો. ૮૧૪૦૪ ૬૫૨૬૬


સુભદ્રાબેન જી પ્રજાપતિ


વેદકુમાર સચિનભાઈ દરજી
મો. ૯૮૨૪૬ ૯૧૯૨૬


દેવ પ્રજાપતિ

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
જગ્ગા જાસૂસ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
વૉર ફૉર ધી પ્લેનેટ ઑફ ધી એપ્સ
(૩ડી, અંગ્રેજી)
૧૨.૧૫, ૭.૪૫
વૉર ફૉર ધી પ્લેનેટ ઑફ ધી એપ્સ
(૩ડી, હિન્દી)
૨.૪૫
સ્પાઈડરમૅન
(૩ડી, અંગ્રેજી)
૫.૧૫
સ્પાઈડરમૅન
(૩ડી, હિન્દી)
૧૦.૧૫

**સ્ક્રીન-૪**
કૅશ ઑન ડિલીવરી
૧૨.૩૦, ૬.૩૦, ૯.૩૦
ગેસ્ટ ઈન લંડન
૩.૪૫

**સ્ક્રીન-૫**
જગ્ગા જાસૂસ
સવારે ૧૦.૦૦
મૉમ
૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
ગેસ્ટ ઈન લંડન
૭.૦૦

# ચૌધરી પ્રાથમિક વિદ્યાલય ખાતે વિદ્યાર્થીનીઓ માટે મહેંદી સ્પર્ધા



શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય, સૅક્ટર-૭ ખાતે ગૌરી વ્રત નિમિત્તે વિદ્યાર્થીનીઓ માટે મહેંદી હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૬થી ૮ની કુલ ૮૮ બાળાઓએ આ સ્પર્ધામાં ભાગ લઈને પોતાની કળા રજૂ કરી હતી. આચાર્ય મીનાબેન ચૌધરીએ સૌ વિદ્યાર્થીનીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા દક્ષાબેન પટેલ અને મંદાકિનીબેન ભારે જહેમત ઊઠાવી હતી.

# જેસીઆઈ દ્વારા ન્યૂ ગાંધીનગરમાં બિઝનેસ બૂસ્ટર સેમિનાર યોજાયો




જેસીઆઈ, ગાંધીનગર દ્વારા 'બિઝનેસ બૂસ્ટર ધ મની મલ્ટીપ્લાયર' તાલીમ કાર્યક્રમનું આયોજન ન્યૂ ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉદ્‌ઘાટક તરીકે ઝોન-૮ પ્રેસીડેન્ટ ડૉ. ભુવન રાવલ, મુખ્ય અતિથિ તરીકે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા, ઝોન બિઝનેસ ડિરેક્ટર જયદીપ રાણિંગા, રિઝન-એના ઝોન વાઈસ પ્રેસિડેન્ટ અમિષિ ગાંધી અને જેસીઆઈ, ગાંધીનગરનાં પ્રમુખ ડૉ. પરાગી ગાંધી ઉપસ્થિત રહ્યા હતા. સીએ પ્રીતમ ગોસ્વામી અને હિરેન આચાર્ય દ્વારા સંસ્થાના સભ્યોને તાલીમ આપવામાં આવી હતી.

# સરસ્વતી વિદ્યાલય ખાતે શાળા પંચાયતની ચૂંટણી




સરસ્વતી વિદ્યાલય, સૅક્ટર-૬ ખાતે વર્ગ પ્રતિનિધિઓ અને સ્કૂલ પ્રતિનિધિઓની તાજેતરમાં ચૂંટણી યોજવામાં આવી હતી. ધોરણ-૫માં પ્રતીત ગોહિલ અને ક્રિષ્ના દરજી, ધોરણ-૬માં મોનલ ચારેલ અને રાજેશ ઠાકોર, ધોરણ-૭ રીતેશ રુદતલા અને આશિયાના મનસૂરી, ધોરણ-૮માં શક્તિસિંહ વાઘેલા, જીરલ રાઠોડ, ધોરણ-૯માં જયમીન પરમાર અને મયુરી રાવલ, ધોરણ-૧૦માં પાર્થ મેસરિયા, હેમાંગિની પ્રજાપતિ, ધોરણ-૧૧માં અસલમ મનસૂરી અને અંજના ચૌહાણ, ધોરણ-૧૨માં અજય ડાભી ઉપરાંત જીઍસ તરીકે અસલમ મનસૂરી, રાજેશ ઠાકોર અને ઍલઆર તરીકે હેમાંગિની પ્રજાપતિ તથા આશિયાના મનસૂરી આ ચૂંટણીમાં વિજેતા નીવડ્યા હતા. તમામ વિજયી વિદ્યાર્થીઓને શાળા પરિવાર તરફથી શુભકામના પાઠવવામાં આવી હતી.

# સરકારી શાળાના વિદ્યાર્થીઓ મલ્ટીપ્લેક્સમાં



ચિલોડા, તા. ૧૪

સમગ્ર રાજ્ય સહિત ગાંધીનગર જિલ્લામાં તા. ૧૦થી ૧૫ જુલાઈ દરમ્યાન બાળ ફિલ્મોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લાની સરકારી પ્રાથમિક શાળામાં ધો. ૬ થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ મલ્ટીપ્લેક્ષ સિનેમામાં બાળફિલ્મ બતાવવામાં આવી રહી છે. ત્યારે ચિલોડા, રતનપુર તથા મગોડી ભાટની સરકારી પ્રાથમિક શાળાના ૧૬૩ વિદ્યાર્થીઓ અને ૭ શિક્ષકોએ જલપરી ફિલ્મ નિહાળી હતી.

પ્રાથમિક શાળાના બાળકો મનોરંજન સાથે જ્ઞાન અને પ્રેરણા મળે તે માટે રાજ્ય સરકારના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા સૌ પ્રથમવાર બાળ ફિલ્મોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. બાળકોને લગતી ફિલ્મો થકી હંમેશા પ્રોત્સાહન, પ્રેરણા, જ્ઞાન સાથે એકબીજાને મળવાની, કંઈક નવું શીખવાની, જાણવાની ધગશ મળે છે તેવુ ચિલોડા પ્રાથમિક શાળાના આચાર્ય હર્ષદભાઈ પટેલે જણાવ્યું છે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં આંગણવાડી કાર્યકર્તાઓ માટેનો પ્રશિક્ષણ કાર્યક્રમ



ગાંધીનગર, તા.૧૩

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે ગુરુવારે આંગણવાડી કાર્યકર્તાઓ માટેના એક દિવસીય પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન થયું હતું. જેમાં ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ અને સૂત્રાપાડા તાલુકાની વિવિધ આંગણવાડીઓમાં કાર્યરત બહેનો સહભાગી બની હતી. આવકારસત્રમાં કુલસચિવ કમલામની રાવે પ્રશિક્ષણની ભૂમિકા બાંધીને સૌને આવકાર આપ્યો હતો. મહાનિયામક દિવ્યાંશુ દવેએ યુનિ.ના પાયામાં રહેલા દર્શન અને ધ્યેયને સ્પષ્ટ કર્યા હતા.

પ્રશિક્ષણમાં ચિલ્ડ્રન્સ યુનિ.ના દર્શન, ધ્યેય, કાર્યક્રમો ઉપરાંત ગર્ભસંસ્કાર પ્રક્રિયા, શિશુ વિકાસ સિદ્ધાંત-વ્યવહાર, શિશુ વિકાસની પ્રવૃત્તિઓ, પ્રારંભિક બાળશિક્ષણ મહત્વ અને કાર્યક્રમો જેવા વિષયો પર યુનિ.ના અધ્યાપકોએ માર્ગદર્શન આપ્યું હતું. ચિલ્ડ્રન્સ યુનિ.ના તપોવન સંશોધન કેન્દ્ર અને શિશુ પરામર્શન કેન્દ્રની મુલાકાત લઈ તેમાં કરાવવામાં આવતી પ્રવૃત્તિઓની માહિતી અને પ્રત્યક્ષ નિદર્શન પ્રકલ્પ સંયોજકો દ્વારા કરાવવામાં આવ્યું હતું.

સમાપનસત્રમાં કુલપતિ પ્રો. (ડૉ.) કે.એસ. લિખિયાએ તેજસ્વી બાળકના નિર્માણના આ ભગીરથ કાર્ય માટે યુનિવર્સિટી સંકલ્પબધ્ધ હોવાનું જણાવી આ દિવ્ય કાર્યમાં સૌને જોડાવા આવાહન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંકલન પ્રશિક્ષણ કેન્દ્રના અધ્યાપક ડૉ. નીલેશ પંડયાએ કર્યું હતું.

# વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજમાં વૃક્ષારોપણ



ચાંદખેડા ખાતેની વિશ્વકર્મા ગવર્મેન્ટ એન્જિનીયરીંગ કોલેજ ખાતે એનએસએસ દ્વારા વૃક્ષારોપણનો બે દિવસીય કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સિપાલ ડૉ. રાજુલ ગજ્જર, એનએસએસ યુનિટના કો-ઓર્ડિનેટર ડૉ. અલ્પેશ દાફડા સહિત પ્રાધ્યાપકો તથા મોટી સંખ્યામાં એનએસએસના સ્વયંસેવકો જોડાયા હતા.

# ગુજ. યુનિ. દ્વારા પ્રથમ ચાર સેમની પરીક્ષા કૉલેજોને સોંપાશે

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી પ્રથમ અને બીજા વર્ષની પરીક્ષા એટલે કે સેમેસ્ટર ૧થી ૪ની પરીક્ષા કોલેજોને સોંપવાનો નિર્ણય કરાયો છે. ભૂતકાળમાં યુનિવર્સિટી દ્વારા આ પ્રકારનો પ્રયોગ કરાયો હતો. પરંતુ નિષ્ફળ જતાં આખરે યુનિવર્સિટીએ ફરીવાર જૂની સિસ્ટમ લાગુ કરવી પડી હતી. હવે ફરીવાર યુનિવર્સિટીએ પહેલા અને બીજા વર્ષની પરીક્ષા કોલેજોને સોંપવાનો નિર્ણય કરાયો છે. પરીક્ષાના પ્રશ્નપત્ર યુનિવર્સિટી દ્વારા દરેક કોલેજોમાં મોકલાશે. જેના આધારે કોલેજોએ વિદ્યાર્થીઓની પરીક્ષા લઈને પરિણામ જાહેર કરવાના રહેશે. ભૂતકાળમાં આ પ્રકારના પ્રયોગો કરાયા બાદ શિક્ષણનું સ્તર કથળતું હોવાની ફરિયાદ ઊઠતાં નિર્ણય પાછો ખેંચવાની ફરજ પડી હતી. વર્ષો પછી હવે ફરીવાર યુનિવર્સિટીએ પોતાની જવાબદારીમાંથી છટકવા માટે પ્રથમ બે વર્ષની પરીક્ષા કોલેજો પર છોડતાં આગામી દિવસોમાં આ મુદ્દે નવો વિવાદ ઊભો થાય તેમ છે.

યુનિવર્સિટીમાં પરીક્ષા રીફોર્મ કમિટીએ કરેલી ભલામણોના આધારે આજે તમામ કોલેજોના પ્રિન્સિપાલની એક બેઠક બોલાવાઈ હતી. બેઠકમાં હવે આગામી દિવસમાં એફ.વાય. અને એસ.વાય એટલે કે સેમેસ્ટર ૧થી ૪ની પરીક્ષા જે તે કોલેજને સોંપી દેવી તેવો નિર્ણય કરાયો હતો. પરીક્ષા માટેનું પ્રશ્નપત્ર યુનિવર્સિટી દ્વારા દરેક કોલેજને મોકલાશે પરંતુ પરીક્ષા લઈને પરિણામ જાહેર કરવાની જવાબદારી જે તે કોલેજની રહેશે. યુનિવર્સિટી દ્વારા માત્ર સેમેસ્ટર ૫અને ૬ની જ પરીક્ષા લેવાશે.યુનિવર્સિટીએ આ પ્રકારનો નિર્ણય કર્યો છે જેના કોલેજ આચાર્યોમાં ઘેરા પ્રત્યાઘાતો પડે તેવી શકયતા છે. ચાર સેમેસ્ટરની પરીક્ષા કોલેજોને આપવાના નિર્ણય અંગે કુલપતિ હિમાંશુ પંડયા કહે છે કોલેજો પોતે જ પરીક્ષા લેતી હોવાથી અને ઉત્તારવહીઓ પણ પોતે જ તપાસવાની હોવાથી પરિણામો વહેલા આવશે. આ ઉપરાંત પોતાના જ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હોવાથી અધ્યાપકોને ઉત્તરવહી જોવામાં સરળતા રહેશે. અધ્યાપકો ઉત્તરવહી બરાબર ચકાસતા નથી તેવી ફરિયાદ બંધ થશે. રિફોર્મ કમિટીએ કરેલી ભલામણને દરેક કોલેજના આચાર્યોએ સ્વીકારી હોવાથી હવે આગામી દિવસોમાં તેનો અમલ કરાશે. યુનિવર્સિટીએ પ્રથમ અને બીજા વર્ષ એટલે કે ચાર સેમેસ્ટરની પરીક્ષા કોલેજોને આપી દેવાના કરેલા નિર્ણયના કારણે હવે સ્વનિર્ભર કોલેજોમાં એકપણ વિદ્યાર્થી નાપાસ નહી થાય. યુનિવર્સિટીની પરીક્ષામાં પણ સ્વનિર્ભર કોલેજોના સંચાલકો પોતાના વિદ્યાર્થીઓને બોર્ડ પર જવાબો લખાવતાં હતા. આ સ્થિતિમાં પરીક્ષા લેવાની જવાબદારી જ પોતાના પર આવે ત્યારે કોઈ કોલેજ પોતાના વિદ્યાર્થીને નાપાસ નહી કરે. આ પ્રકારની સીસ્ટમથી શિક્ષણનું સ્તર કથળશે.

પ્રથમ બે વર્ષ એટલે કે ચાર સેમેસ્ટરની પરીક્ષા કોલેજોને સોંપી દેવાના નિર્ણય અંગે જુદી જુદી કોલેજના પ્રિન્સિપાલ કહે છે યુનિવર્સિટીનું મુખ્યકામ પ્રવેશ, પરીક્ષા અને પરિણામ જાહેર કરવાનું છે. કોઈપણ યુનિવર્સિટી આ જવાબદારીમાંથી છટકી શકે નહી. જો યુનિ. આ પ્રકારની ભૂલ કરશે તો હાલમાં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના ગ્રેડમાં 'બી' ગ્રેડ ધરાવે છે તે હવે ભવિષ્યમાં 'સી' ગ્રેડમાં રૂપાંતર થાય તો નવાઈ નહી. આ નિર્ણય હાસ્યાસ્પદ અને વિદ્યાર્થીઓની કારર્કિદી પર કુઠરાઘાત સમાન છે. સરકાર સમક્ષ રજૂઆત કરાશે. ઉલ્લેખનીય છે કે યુનિવર્સિટી દ્વારા લેવાતી પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા જે તે કોલેજમાં જ ગોઠવવી તેવો નિર્ણય અગાઉ કરાયો હતો. પરંતુ ગેરરીતિઓ અને પરીક્ષાનું કોઈ મહત્વ ન રહેતાં છેવટે પૂર્વ કુલપતિ એમ.એન.પટેલે આ નિર્ણય ફેરવીને દરેક વિદ્યાર્થીઓની પરીક્ષાની બેઠક વ્યવસ્થા અલગ કોલેજોમાં આવે તેવો નિર્ણય કરવો પડયો હતો.

## ડાયરેક્ટ ❤ સે

તારાપણાના શહેરમાં
જો તું મને શોધ્યા કરે
તો હું તને ક્યાંથી મળું ?
શાશ્વત મિલનથી
આમ આયનાના શહેરમાં
જો તું મને શોધ્યા કરે
તો હું તને ક્યાંથી મળું ?
- જવાહર બક્ષી

## ડેઈલી કરંટ



દર્શન મારૂ
95862 87447

(૧) કેન્દ્રીય નાણાં મંત્રાલયમાં આર્થિક બાબતોના વિભાગના સચિવ પદે તાજેતરમાં કોની વરણી કરવામાં આવી છે ?
(એ) વિવેક કુમાર
**(બી) સુભાષચંદ્ર ગર્ગ**
(સી) નરેશ તોમર
(ડી) એસ જયશંકર

(૨) ભારતીય અંતરીક્ષ વૈજ્ઞાનિકના એક દળે વિશાળ આકાશગંગાની શોધ કરી છે, તેનું નામ શું રાખવામાં આવ્યું છે ?
(એ) અલકનંદા (બી) પાર્વતી
**(સી) સરસ્વતી** (ડી) યમુનાગંગા

(૩) તાજેતરમાં વિશ્વના સૌથી મોટા પરબિડીયા ચિત્રનો વિશ્વ રેકોર્ડ ક્યાં સર્જાયો છે?
(એ) રાજકોટ
(બી) વડોદરા
(સી) સુરત
**(ડી) મોડાસા**

(૪) કેન્દ્ર સરકારે કયા પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાતમાં કોસ્ટલ ઈકોનોમિક ઝોન સ્થાપવાનું આયોજન કર્યું છે ?
(એ) દરીયા પ્રોજેક્ટ
**(બી) સાગરમાળા પ્રોજેક્ટ**
(સી) સમુદ્રમંથન પ્રોજેક્ટ
(ડી) સમુદ્ર સેતુ પ્રોજેક્ટ

(૫) તાજેતરમાં ભારત-ચીન વચ્ચે જે ડોકાલા વિસ્તારમાં વિવાદ ચાલી રહ્યો છે તે ડોકાલા ૧૯૧૪ની મેક મોહન રેખા મુજબ કયા દેશનો ભાગ છે ?
**(એ) ભૂતાન**
(બી) ભારત
(સી) ચીન
(ડી) એકપણ નહીં

(૬) એશિયન ટીમ સ્નૂકર ચેમ્પિયનશીપ ૨૦૧૭નું આયોજન ક્યાં થયું હતું ?
(એ) કિવીન દેશ
**(બી) કિર્ગિઝસ્તાન**
(સી) બલુચિસ્તાન
(ડી) નેપાળ

(૭) કેન્દ્ર સરકારે કયા શહેરમાં આંતરરાષ્ટ્રીય ચાવલ અનુસંધાન સંસ્થાન સ્થાપવાની મંજૂરી આપી છે ?
(એ) પટના (બી) કટક
(સી) કોચી **(ડી) વારાણસી**

(૮) ભારતના કયા રાજ્યએ જાતિ પંચાયતો દ્વારા કરવામાં આવતા ભેદભાવ વિરુદ્ધ નવા કાયદાની રચના કરી છે ?
(એ) તામિલનાડુ (બી) કેરળ
(સી) ઓડિસા **(ડી) મહારાષ્ટ્ર**

(૯) ભારતના કયા રાજ્યની ૪૩૭ ગૌશાળામાં બાયોગૅસ સંયંત્ર સ્થાપના કરવાનું નક્કી કરવામાં આવ્યું છે ?
**(એ) હરિયાણા**
(બી) મહારાષ્ટ્ર
(સી) કેરળ
(ડી) તામિલનાડુ

(૧૦) ૨૦૧૭માં વર્લ્ડ બોક્સિંગ ઓર્ગેનાઈઝેશન વેલ્ટર વેટનો ખિતાબ કોણે જિત્યો હતો ?
(એ) મૈની પૈક્વે
(બી) વિજેન્દરસિંગ
**(સી) જેફ હોર્ન**
(ડી) કોઈપણ નહીં